સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

શિક્ષણના રણમાં એ ખાતર લઈને બેઠા છે,
બીન અનુભવી પ્રવાસી જાતર લઈને બેઠા છે.
પાતર લઈ મતનું - શાળા, શિક્ષણ, સંસ્કારની -
કાપવા લાજ મર્યાદા, - કાતર લઈને બેઠા છે.
('નીટ' આંધળું અમલીકરણ)

હાઈકુ

ચાલ્યા કરશે,
ચૂંટણી પછી પણ -
કોંગી બેઠકો...
(અનિર્ણાયક હાઈકમાન્ડ)

લડે ચૂંટણી,
આરોપ હથિયારે -
બધા જ પક્ષો...
(આક્ષેપબાજી)

ચિંતન

અન્નદાનં ભ્રૂણ હત્યામપિ પ્રમાષ્ટિ ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

અન્નદાન ભ્રૂણહત્યાનું પાપ ધોઈ નાખે છે.

અન્નદાન એટલે કે ભૂખ્યાને ભોજન આપવું એ સૌથી મોટું પુણ્ય કહેવાય છે. એનાથી વિપરીત ભ્રૂણહત્યા એટલે કે ગર્ભપાત સૌથી ઘોર પાપ ગણાય છે. અન્નદાનમાંથી પ્રાપ્ત થતું પુણ્ય આવા મહાપાતકોને નામશેષ કરી નાખે છે.

આજકાલ, દીકરા-દીકરીના જન્મભેદને કારણે વૈજ્ઞાનિક શોધોનો દુરુપયોગ વધતો જાય છે. વિજ્ઞાને જ્યારે કુદરત અને માનવતાની વિરુદ્ધ વાપરવામાં આવે ત્યારે માણસ માણસ નથી રહેતો રાક્ષસ થઈ જાય છે, ગર્ભમાં રહેલ બાળકમાં ત્રીજા મહિને 'જીવ' આવી જાય છે પછી એ ત્રણ માસનો હોય કેં એંસી વર્ષના વૃદ્ધનો - જીવ એ જીવ છે અને હત્યા કરનારા 'હત્યારા' જ છે. પાપ છે એનું પ્રાયશ્ચિત કરવું જ જોઈએ.

સુવિચાર

- મારા જીવનમાં ઘણી સમસ્યાઓ આવી છે, પણ મારા હોઠને તેની જાણ થઈ નથી, કારણ કે તે સદા હસતાં જ રહે છે - **ચાર્લી ચેપ્લીન**
- કાયદો ગધેડો છે એવી અંગ્રેજીમાં કહેવત છે, પણ આપણા દેશમાં કાયદો ક્યારેક સુવ્વર પણ બની જાય છે - **જસ્ટીસ ભગવતી**
- જે પાસાં પકડતાં જ ડરે છે એ ક્યારેક રમત જીતતો નથી - **સ્વીડીશ કહેવત**
- બીજાના માલિક થવા જતા કોઈક આપણું માલિક બની બેસે છે પણ પોતાની જાતના - પંડના માલિક થતાં દુનિયા આખીના માલિક થઈ જવાય છે - **એન્ડ્રુ સ્ટર્લિંગ**
- કોઈની ઘૃણા કરવી એ ઉંદરના ત્રાસમાંથી છૂટવા ઘર બાળી મૂકવા જેવી વાત છે - **એસ. ભટ્ટાચાર્ય**
- નરી બુદ્ધિ વિનાશક પણ બને છે અને કૌવતવાન ફોર્સ પણ બની શકે છે - **વિલ ડુરાં**
- આજનું ઔષધ : દાઝ્યા ઉપર વડના પાનને ઘી માં વાટીને દાઝેલા ભાગ પર લગાવવાથી બળતરા મટે છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

આજકાલ માનવ મન-હૃદયમાંથી માનવતાનું ઝરણું સૂકાઈ ગયું છે, મહેચ્છા - મહાત્વાકાંક્ષાનો સમુદ્ર ઉછાળા મારે છે - ખરેખર તો હું માનવી, માનવ થાઉં તો ઘણું :

સોક્રેટિસ બગીચામાં બેઠા હતા બાજુના બાંકડા પર ચાર યુવાન મિત્રો વચ્ચે ચર્ચા ચાલતી હતી કે પોતે ભવિષ્યમાં શું બનવા ઈચ્છે છે. પહેલો યુવાન બોલ્યો, 'મારો વિચાર વિજ્ઞાનમાં સંશોધન કરી મહાન વૈજ્ઞાનિક બનાવાનો છે.' બીજો યુવાન બોલ્યો. 'મારે વિજ્ઞાનમાં નહીં પણ સાહિત્યમાં રસ લઈ મોટા સાહિત્યકાર બનવું છે, દુનિયાના ખૂણામાં સાહિત્યકાર તરીકે મારું નામ થાય અને લોકો મારા તથા મારા સાહિત્યની પ્રશંસા કરે તેવી મહત્ત્વાકાંક્ષા છે. ત્રીજો યુવાન બોલ્યો, 'મારે વૈજ્ઞાનિક, સાહિત્યકાર નથી બનવું, મારે તો શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરી તત્ત્વચિંતક થવું છે.' ચોથો યુવાન બોલ્યો, 'મારે નથી વૈજ્ઞાનિક બનવું, નથી સાહિત્યકાર બનવું કે નથી ચિંતક બનવું. મારે તો 'માનવી' બનવું છે. બસ આથી વિશેષ મને કોઈ ઈચ્છા નથી.'

આ સાંભળતા જ સોક્રેટિસે ઊભા થઈને ચોથા યુવકની પીઠ થાબડતાં કહ્યું, 'તેં એક મહાન સત્ય ઉચ્ચાર્યું, વિજ્ઞાનીક, લેખક કે તત્ત્વચિંતક બનવું સહેલું છે પણ 'માનવી' બનવું ખૂબ કઠિન અને અઘરું છે. જે વ્યક્તિ ઈન્સાન બની શકે છે, એણે જ માનવજીવન સફળ કર્યું કહેવાય.

કેજરીવાલે ચોખ્ખા થઈને બહાર આવવું પડશે

તંત્રીસ્થાનેથી...

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ એમની જ પાર્ટીના સદસ્ય અને એમની જ સરકારમાં મંત્રીપદું શોભાવનાર પૂર્વ મંત્રીના આક્ષેપો સામે રક્ષણાત્મક ભૂમિકામાં આવી ગયા છે. કેજરીવાલ ક્યારેય ભ્રષ્ટાચાર કરે જ નહીં એવી દૃઢ પ્રતીતિ પાર્ટીમાંથી કેજરીવાલ દ્વારા જ હાંકી કઢાયેલા એના પાયાના સ્થપતિઓ પૈકીના એક એવા યોગેન્દ્ર યાદવ પણ ધરાવે છે. પરંતુ બળવાખોર કપિલ મિશ્રા પોતાની નજર સામે કેજરીવાલે લાંચ લીધી હોવાના આક્ષેપ પર અડીખમ છે અને વિવિધ સ્તરે એમની વિરુદ્ધ ફરિયાદ પણ નોંધાવી ચૂક્યા છે. કેન્દ્ર સરકારને તો ભાવતું હતું ને વૈદ્યે બતાવ્યા જેવું થયું છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં બબ્બે વખત બહુમતી મેળવી ભાજપનું નાક કાપનાર અને નરેન્દ્ર મોદીના પ્રતિસ્પર્ધી તરીકે ઊપસી આવનાર કેજરીવાલને ઘેરવાના અને બદનામ કે અપમાનિત કરવાના નુસખા અજમાવવામાં કેન્દ્ર સરકારે કોઈ કમી રાખી નથી. દેશને કોંગ્રેસમુક્ત અને કેજરીમુક્ત કરવાનો સંકલ્પ પાર પાડવા માટે કેન્દ્ર સરકાર અને શાસક ભારતીય જનતા પાર્ટી તમામ હથકંડા અપનાવશે. દિલ્હીના ઉપરાજયપાલ અને પોલીસ કમિશનર મહદંશે કેજરીવાલ સરકારને વધુમાં વધુ હેરાનગતિ પહોંચાડવાનો પ્રયાસ કરતા રહ્યા છે - એ બાબત ઘણી સૂચક છે. હવે કપિલ મિશ્રાના આક્ષેપો સબબ સીબીઆઈ પણ કેજરીવાલની પાછળ પડી જશે. આગામી સમય દરમિયાન આવી રહેલી વિવિધ ચૂંટણીઓ વખતે કેજરીવાલ કોર્ટોનાં ચક્કર કાપતાં જોવા મળશે એ ભીંત પરના અક્ષરો જેટલું સ્પષ્ટ વંચાઈ રહ્યું છે. હવે પોતાની નિર્દોષતા સાબિત કરવાની જવાબદારી સીધેસીધી કેજરીવાલના શિરે આવી પડી છે. જેની આંગળી પકડીને કેજરીવાલ ભ્રષ્ટાચાર વિરોધી ઝુંબેશના હીરો તરીકે ઊપ્સી આવ્યા હતા અને દિલ્હીના દરબાર સુધી પહોંચી રાષ્ટ્રીય નેતા તરીકે પ્રજાજનોના માનીતા બની ગયા હતા તે અણ્ણા હજારે કેજરીના તથાકથિક ભ્રષ્ટાચારથી ખૂબ વ્યથિત છે. આવી વિપરીત સ્થિતિમાં કેજરીવાલે પોતાની સામેના આક્ષેપોની ન્યાયિક તપાસ નીમવાને બદલે ઈવીએમ વિરુદ્ધનું જૂનું ગાણું ગાવાનું પસંદ કર્યું એન દિલ્હી વિધાનસભામાં આવા ઈલેક્ટ્રોનિક ગેજેટ સાથે ચેડાં થઈ શકે છે, એવું ડેમોન્સ્ટ્રેશન કરાવ્યું. બનવાજોગ છે કે કેજરીના આવા આક્ષેપોમાં તથ્ય પણ હોય. એમણે તો ચૂંટણીપંચ પોતાને ઈવીએમ ઉપકરણ ઉપલબ્ધ કરાવે તો ઘડીના છઠ્ઠા ભાગમાં એની સાથે ચેડાં કરી શકાય છે તે સાબિત કરી આપવાનો પડકાર ફેંક્યો છે. ચૂંટણી પંચે કેજરીનો આ પડકાર ઉપાડી લેવો જોઈએ. જો કે એથી ઉત્તરપ્રદેસ સહિતના ચૂંટણીઓમાં કે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી દરમિયાન ઈવીએમની કરામતનો લાભ લઈને જ ભાજપ સત્તાસ્થાને આવ્યું છે, એવું ફલિત કરવું મુશ્કેલ છે. મતદાતાને પોતે આપેલ મતની સ્લિપ મળી જાય એ પ્રકારની નવી ઈલેકટ્રોનિક સિસ્ટમ માટેનો ઠરાવ પસાર કરી કેજરીવાલ સરકારે જરૂર એક કરવા જેવું કામ કર્યું છે અને હવે પછી ઈવીએમની સતત વકીલાત કરતાં ચૂંટણીપંચને પણ એ અપનાવવાની ફરજ પડવાની છે. પરંતુ કેજરીવાલ સામે ઊભી થયેલી ભ્રષ્ટાચારની આબોહવામાંથી ઊગરવાની જવાબદારી તો ખુદ કેજરીવાલની જ રહે છે. વેઈટ ઍન્ડ વૉચ !

જલોદર (એસાઈટીસ) : આટલું જાણવું જરૂરી છે

ગયા અઠવાડીયે જ એક પેશન્ટ આવેલા. સુકી લાકડી જેવું વૃધ્ધ શરીર, બહાર નીકળી ગયેલી પીળાશ પડતી આંખો અને માટલા જેવું પેટ. જોતા જ સમજી ગયો કે લીવરની બીમારી તેમજ જલોદરનો કેસ છે. જલોદર બહુ અકળાવનારી બિમારી છે. આયુર્વેદના મતે જલોદર એટલેકે એસાઈટીસનું મૂળ કારણ પાચનતંત્રની નબળાઈ (અગ્નિમાંદ્ય), અજીર્ણ, તેમજ ચીરકાલીન દોષસંચય અને મળસંચય છે.



આધુનિક તબીબીશાસ્ત્રના મતે એસાઈટીસ હૃદય, કિડની કે લિવરની ખામીને કારણે થાય છે.

જલોદરના લક્ષણો જોઈએ તો તેનું દેખીતું લક્ષણ માટલા જેવું પેટ છે. પેટ ખૂબ મોટું થઈ જાય અને તેમા પાણી ભરાઈ જાય (જલ + ઉદર = જલોદર). પેટ જાણે પાણી ભરેલી મશક હોય તેમ તેમા કંપન તથા અવાજ આવે છે. પેટની રેખાઓ (શીરાઓ) ઉપસી આવે, નાભિ સપાટ થઈ જાય, અરૂચિ, દુર્બળતા, કબજીયાત, આદિ પણ જોવા મળે.

જલોદરની ખાતરી માટે જમણો હાથ દર્દીના પેટના એક પડખા તરફ હાથ રાખી બીજા પડખે ડાબા હાથે ટકોર મારતા જમણા હાથમાં વાઈબ્રેશન કે કંપનની પ્રતીતી થાય છે. જો ટીબીને કારણે જલોદર થાય તો તેમા ઝાડા, પેટનો દુખાવો અને તાવ જેવા લક્ષણો જોવા મળે છે. પેટ જાણે રોટલીની કણક જેવું પોચું થઈ જાય છે. જો લીવર-કિડનીની તકલીફને કારણે જલોદર થયો હોય તો તેમા ઉબકા આવે, ઉલ્ટી થાય, કબજીયાત થાય, પુરૂષ સ્તન વૃધ્ધિ થાય, આદિ લક્ષણો જોવા મળે છે. આ ઉપરાંત મૂત્ર વાટે પ્રોટીન નીકળે તેમજ પગ અને ચહેરા પર સોજા કે થોથર જામે છે.

જલોદરની ચિકિત્સાની વાત કરીએ તો તેમા અધુનિક ચિકિત્સા પદ્ધતિ 'ટેપીંગ' વડે પેટનું પાણી બહાર કાઢવામાં આવે છે (જલવિસ્રાવણ). આયુર્વેદ મૂજબ ચિકિત્સા જોતા જલોદરમાં વિરેચન કરવું જરૂરી છે. સામાન્ય રીતે કિડની-લિવરની તકલીફને કારણે થતા જલોદરમાં દર્દીને ખૂબ કબજીયાત હોય જ છે. એટલે તીક્ષ્ણ વિરેચન યોગો વડે આ કબજીયાત દૂર થઈ મળનો નિકાલ થાય તે ખૂબ જરૂરી છે. આ ઉપરાંત પાચનતંત્રને મજબૂત કરે તેવા ઔષધો આપવા. આયુર્વેદમાં જલવિસ્રાવણમાં એક ટેક્નીક આપેલ છે જેમા પેટ પર પાટો બાંધવાનો હોય છે. જેમ જેમ જલવિસ્રાવણ થાય તેમ તેમ આ પાટો વધું કસીને બાંધવો જેથી ખાલી સ્થાને વાયુ ભરાઈ ન જાય. જલોદર એક એવી વ્યાધિ છે જેમા દર્દીનું બળ હણાઈ જાય છે. પેટ ફુલેલું હોય એટલે દર્દી કંઈ ખાઈ ન શકે, અને જે ખાધું હોય તે જલોદરને કારણે સરખી રીતે પચી ન શકે, આમ, ધીમે ધીમે નબળાઈ વધતી જાય. આથી આયુર્વેદમાં જલોદર માટે સંપૂર્ણ મિતાહારનું સૂચન છે. શક્ય હોય તેટલી ઝડપથી પાચનતંત્રને સુવ્યવસ્થીત કરવું જરૂરી છે, સાથે સાથે જે અવયવની નબળાઈને કારણે જલોદર થયેલ હોય (જેમકે કિડની-લિવર કે હૃદય) તેની પણ સંપૂર્ણ ચિકિત્સા કરવી જરૂરી છે.

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

- contact@atharvaayu.com

સોનાને ક્યાંથી લાગે કાટ, સંસારી મનવા?

ગાંધીનગરમાં દર મહિનાના પહેલા રવિવારે યોજાતી પુસ્તક પરબ વિશે અગાઉ આપણે એક-બે વાર વાત કરેલી છે. ઘ-૪ ના સર્કલ ઉપર જ સવારે સાડા સાત વાગે તે પહેલાં પુસ્તક પરબના કાર્યકર્તા અચૂક આવી જાય છે. પુસ્તકોનાં રસિયાઓ તો એમનાથીયે વહેલા આવી જાય છે. પુસ્તકો હજુ ગોઠવાયા ના હોય ત્યાં તેઓના ખાખાખોળા શરુ થઈ જાય છે. અડધાપડધા પુસ્તકો માંડ માંડ મૂકી શકાયા હોય ત્યાં પરબ શરુ થઈ જાય છે. તેમની આતુરતા સમજી શકાય તેવી છે. જો વહેલાસર આપણું મનગમતું પુસ્તક આપણા કબજામાં ના લઈ લઈએ તો એનું કોઈ બીજા રસિકજન દ્વારા અપહરણ થઈ જાય છે. મારું પસંદ કરેલું પુસ્તક અસંખ્ય વાર માટે અન્ય ભાઈના હાથમાં શોભા વધારતું જોવા પડ્યું છે.

જેમણે એકવાર પણ આ અનોખી પરબથી પોતાની વાચન તૃષા સંતોષી છે તેઓ વારે વારે તરસ્યા થઈને આ સરોવરમાં આવે છે અને પોતાના ગમતીલા પુસ્તક અથવા મેગેઝીન લઈ જાય છે. મને પોતાને અહીંથી ઘણાં સુંદર અને અલભ્ય પુસ્તક પ્રાપ્ત થયા છે. વરસો જૂના પુસ્તક તથા સામયિકો એના અસલ સ્વરુપમાં ભાળીને મને આનંદીત થઈ જાય છે. ચંદ્રકાન્ત ચી. મહેતાના ઈલાકાવ્યો અમે ઘણા વરસોથી શોધતા હતા એ અચાનક હાથમાં આવતાં જે આનંદ થયો છે તે હું કોઈ રીતે વર્ણવી શકતો નથી. આવી રીતે જૂના સમર્પણ મળતા જાણે મોટો ખજાનો હાથ લાગી ગયો હોય તેવી લાગણી થઈ હતી. છેલ્લી પુસ્તક પરબમાં એમને ફેબ્રુઆરી ૧૯૫૦નું અખંડ આનંદ મળ્યું, તે વાંચીને મને જે આનંદ આવ્યો તે હું એકલો ભોગવવાના બદલે આપ સહુની સાથે વહેંચવા માંગુ છું.

જુન - ૧૯૫૩માં મારો જન્મ થયો મતલબ કે આ મેગેઝીન મારા જન્મ પહેલાનું છે. અંદરના પાને વાંચ્યું તો ખબર પડી કે તે સમયે પૂડા સાડત્રીસ વરસની ઉંમર ધરાવતું હતું. આ સામયિકના પાના પીળા થયા છે. એનું એક પણ પત્તુ ફાટ્યું નથી કે તેમાં કોઈ આડાઅવળા લીટા થયા નથી તે સાચવનાર ખરેખર અભિનંદનને પાત્ર છે. હું મારી જાતને આટલા વરસ બરાબર સાચવી શક્યો નથી અને આ ભાઈએ એક કાગળની જણસને કેટલાં ખંતથી અડધી સદી કરતાં પણ વધારે સમય સુધી કેટલા ખંડથી જાળવી હશે તો વિચારવા જેવી બાબત છે. આવા ભાઈઓને આજીવન દફતર ભંડારમાં સેવા પર રાખી લેવા જોઈએ. મારે મૂળ વાત એમાં છપાયેલા સાહિત્યની કરવી છે. અંકનો પ્રારંભ સોપાનના પ્રેરણાત્મક લખાણથી થાય છે. શિર્ષક છે લાગણીનું મોજું. હાલના વર્તમાનપત્રોમાં છપાતાં છગલાબંધ વિચારશીલ લખાણો આની આગળ ફિક્કા લાગે છે. બીજા લેખનું મથાણું છે 'ભગવાન'. જેના લેખક છે રવિન્દ્રનાથ ટાગોર, મૂળ બંગાળીમાં લખાયેલા બનફૂલ પુસ્તકમાંથી અનુવાદ કર્યો છે ગુજરાતના શિરમોર લેખક સુરેશ જોષીએ. છે ને અદ્‌ભૂત વાત ! આ લખાણની નીચે વધેલી જગ્યામાં શી વેણીભાઈ પુરોહિતની કવિતા, 'દીવો' મૂકવામાં આવી છે. તેના શબ્દો કેટલાં સુંદર છે ? મારા ઘટમાં ઘીનો દીવો, રામ ! આખા અંકમાં આ એક જ કવિતા છે. પણ ઓરડાનું અંધારું દૂર રવા માટે એક દીવો પૂરતો છે. એની પાછળ ગુજરાતી સાહિત્યના સાચુકલા વિચારક શી કિશોર મશરુવાળાએ ત્રણ વિવેક નામના લેખમાં ગહન વિચારયાત્રા ચલાવી છે. આ લેખક વાંચનારને આંજી નાખવા એક પણ વાક્ય લખતા નથી. સરવાણી હજુ ચાલુ જ છે, આગળ છે સંત રવિદાસનું જીવનચરિત્ર.

તેના લેખક છે આચાર્ય ક્ષિતિમોહન સેન અને અનુવાદક છે જયંતિલાલ આચાર્ય તેમને બંગાળી આનંદ બજાર પત્રિકાના શરદ અંકમાંથી આ લેખ મેળવીને ભાષાંકર કરીને ગુજરાતી વાંચકો સમક્ષ રજૂ કર્યો છે. આટલી જહેમત આપણાથી થાય ખરી? અખંડ આનંદના આટલા પૃષ્ઠની નકલો કરાવી હોય તો સરસ પુસ્તિકા બની જાય. પરંતુ સંપાદક કંઈ એટલેથી અટકી થોડા જાય ? પછીનો લેખ શી ચંદ્રશેખર પ્રા. શુક્લએ ઉપવાસની સાંકળ અંગે લખ્યો છે. તેમાં ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણ માટે વિચારેલ અવિરત ઉપવાસની સાંકળની બહુ સરસ ચર્ચા કરેલી છે. ત્યારબાદ સ્થાન શોભાવે છે. સર્વપ્રિય જયોતિન્દ્ર દવે એમને બધાને જયોતિન્દ્ર શૈલીમાં મોટા થવાનો કીમિયો દર્શાવ્યો છે.

મનના ઉમંગો
રણછોડ પરમાર

આ અંકમાં કુલ છવ્વીસ લેખો છે એટલે તમામ લેખેની એકએક લીટી લખીને તોય એક વિષદ લેખ થઈ જાય... આપણે ટૂંકમાં પતાવ્યા વગર છૂટકો નથી. ગુલાબદાસ બ્રોકરનું ગજબ છે! નામનું એક સુંદર નાટક છે, એટલી જ સરસ રામનારાયણ ના. પાઠખ અને છગલનલાલ પરમારની વારતાઓ છે. મનસુખલાલ ઝવેરીનો આગ્રાથી કાશ્મીરનો કાલ્પનિક પ્રવાસ છે. આયુર્વેદના ત્રણ માહિતીપૂર્ણ લેખો છે. ચંદ્રનું પર્યટન જેવો વિજ્ઞાન લેખ પણ છે. રુદ્રમહાલય અંગેનો ઐતિહાસિક લેખ છે. કામદારોના મકાનો, વધુ અનાજ ઉગાડો, કાપડ ઉદ્યોગ, બાળકની કુતૂહલ વૃત્તિ વગેરે વિષયના પણ લેખો છે, નૃત્ય અંગે ય મજાની માહિતી આપી છે.

સડસઠ વરસ પહેલાનું સામયિકમાં જાહેરખબરો કેવી રીતે છપાતી હતી તે જાણળાનું પણ ન થાય... તમને નવાઈ લાગશે કે પહેલાં અને છેલ્લાં પુઠ્ઠાની અંદરની બાજુએ બીજા પણ પાનાઓ ઉપર તાંબા-પિત્તળ અને એલ્યુમિનિયમના વાસણોની જાહેરાતો જોવા મળે છે. મારા માનવા મુજબ એલ્યુમિનિયમના વાસણોનું ચલણ તે સમય નવું નવું શરું થયું હશે. પુસ્તકોની જાહેરાત ઘણી છે, તે સમયે ચાલતા હિન્દી-ગુજરાતી ચલચિત્રોની જાહેરાત છે. બેંકની જાહેરાત તો જાણે સમજ્યાં પણ ઉત્તમ રોકાણ દર્શાવતી સોનાની જાહેરાત છે, એક જાહેરાત ફાઉંટન પેનનીછે. મિલોના કાપડની ય ત્રણ જાહેરાત છે. સહુથી અલગ પડતી એક જાહેરાત છે. સિંધીયા કંપનીની દરિયાઈ મુસાફરીઓની છે. અખંડ આનંદ ના પહેલા અંકમાં પણ અફઘાન સ્નો અને આયુર્વેદિક દવાઓ હશે જ હશે એની મને ગળા લગીની ખાતરી છે.

પુસ્તક પરબનો વિચાર સૌ પહેલાં જેને પણ આવ્યો હશે તે ખરેખરા અભિનંદનનો અધિકારી છે.

સફળતા અને સરળતા જ્યાં એક સાથે જોવા મળે એ વ્યક્તિને એકવાર ખરા હૃદયથી નમન કરજો!

નથી મેળવાતી ખુશી સંપત્તિથી, આ મોજાં રડીને કહે છે જગતને;
ભીંતરમાં જ મોતી ભર્યાં છે છતાંય સમંદરનાં ખારાં જીવન થઈ ગયાં છે.

- બેફામ

'પોતે જેને સ્પર્શે તે સોનું બની જાય.' એવું વરદાન એક લોભી રાજાએ એક દેવદૂત પાસેથી મેળવ્યું. વરદાન પામીને પહેલાં તો તે ખુશ થયો. પરંતુ ધીરે ધીરે એને એ વરદાનનું મિથ્યાત્વ સમજાયું. એના સ્પર્શે ફળફુલ તેમજ ખાવાપીવાની વાનગીઓ પણ સોનું બનવા લાગી. આ જોઈને તે ગભરાઈ ગયો. એના દુઃખની પરાકાષ્ઠા તો ત્યારે આવી જયારે એના આલિંગનથી એની એકની એક વહાલસોઈ દીકરી પણ સોનાની બની ગઈ. હવે એવું વરદાન એને અભિશાપ સમું લાગવા માંડ્યું. રાજા મૂંઝાયો આખરે એણે દેવદૂતને વિનવીને એ વરદાનમાંથી મુક્તિ મેળવી.

'અતિની ગતિ ન્યારી...', 'અતિ લોભ તે પાપનું મૂળ...' કોઈ પણ વસ્તુનો અતિરેક ઝેર સમાન છે. આજે આખી દુનિયા પૈસા પાછળ પાગલ થઈ છે. પૈસો તો માણસે મેળવવો જ જોઈએ. પરંતુ કેવળ પૈસો જ જીવનનું સર્વસ્વ છે એમ માનવું ભૂલ ભરેલું છે. મિત્રો, અઢળક સંપત્તિ જેને મળે છે એને આપણે તકદીરનો બાદશાહ - સિકંદર કહીએએ છીએ. પરંતુ એ સિકંદર પણ આ દુનિયામાંથી ખાલી હાથે જ ગયો હતો. સંપત્તિ માટેનું જગતનું પાગલપણું દૂર કરવા એણે પોતાના જનાજામાં પોતાના બંને હાથ ખુલ્લા રાખવાનો આદેશ આપ્યો હતો તેણે કહ્યું હતું, "Let the world know that Siknadar died with empty hands !" દુનિયાને ખબર પડે કે સિકંદર જેવો સિકંદર પણ જગતમાંથી ખાલી હાથે જ ગયો હતો.

પૈસો પાપનું મૂળ છે. અર્થમાં અનંત અનર્થો સમાયેલા છે. ઈસુ ખ્રિસ્તે પણ કહ્યું છે, "Love of money is the root of all evils" વિત્ત માણસને જડ ભાવશૂન્ય બનાવે છે. આજની તો અજબ દુનિયા છે. ખમણ ખાવાથી તબિયત બગડે તો માણસ ખમણ છોડી દે છે... પણ પૈસાને કારણે કોઈની સાથે સંબંધ બગડે તો માણસ પૈસાને નહીં પણ એ વ્યક્તિને છોડી દે છે. વ્યક્તિ કરતાં વિત્તનું મહત્ત્વ વધ્યું છે...

એક નાનકડી વાત યાદ આવે છે, એક ચીની સૉફ્ટવેર એન્જિનિયરનું મૃત્યુ થયું. એ પોતાની વિધવા પત્ની માટે બેંકમાં ૨.૯ મિલિયન ડૉલર મૂકી ગયો. પછી વિધવાએ યુવાન નોકર સાથે લગ્ન કરી લીધા.

નોકરે કહ્યું, 'હું હંમેશા વિચારતો હતો કે હું મારા માલિક માટે કામ કરું છું. પણ હવે મને સમજાયું કે આ તો માલિક આપી જિંદગી મારા માટે કામ કરતા હતા.'

કમાવાની લ્હાયમાં માણસ જીવવાનું જ ભૂલી જાય છે. રાત દિવસ બસ એકમેવ પૈસો.... પૈસા ને પૈસો... જાણે

'પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ,
છૈયાં છોકરાં શાલિગ્રામ તો સેવા કોની કરું?'

લાગણીનો મેળો
રસિક વાળંદ

દોસ્તો ! પૈસો ઉત્કૃષ્ટ સેવક છે. પરંતુ કનિષ્ઠ સ્વામી છે. પૈસો - ધન - વિત્ત એ સાધન ખરાં નહીં કે જીવનનું સાર સર્વસ્વ. સોનું શોધવા કરતાં સોનેરી જીવનનું નિર્માણ વધારે મહત્ત્વનું છે... ધનલાલસાનો અતિરેક લોટરી, જુગાર, ચોરી કે લૂંટફાટ જેવા અનર્થકારી રસ્તે વ્યક્તિને લઈ જાય છે... અર્થનો અતિરેક અનેક અનર્થો સર્જી જીવનને ડામાડોળ કરી પણ નાખે... પૈસા પાછળનું પાગલપણું છોડી ઘડીકભર વિચારીએ કે જે દિવસે મૃત્યુ થશે તે દિવસે બધા પૈસા બેંકમાંથી જ રહી જવાના માટે જરૂરી તો એ છે કે વધારે ધન ભેગું કરવાને બદલે વધારે જીવવું. 'કફન તો ખિસ્સા નહીં ઔર મૌત કો રિશ્વત નહીં...'

મિત્રો, આપણા અનુભવે જરા વિચારીએ તો...
મોંઘા ફોનના ૭૦ ટકા ફંકશન બિનઉપયોગી રહી જાય છે.
મોંઘી કારના ૭૦ ટકા સ્પીડનો ઉપયોગ જ નથી થતો.
ભવ્ય-આલીશાન મકાનનો ૭૦ ટકા હિસ્સો હંમેશાં ખાલી જ રહે છે.
પૂરા કબાટમાંથી ૭૦ ટકા કપડાં તો પડ્યા જ રહે છે.
આખી જિંદગીની કમાણીનો ૭૦ ટકા હિસ્સો બીજા માટે રહી જાય છે. પણ જે ૩૦ ટકા વાપરીએ છીએ તે કેવી રીતે વાપરશો ?
જીવનનો સાચો મતલબ સમજો...
સ્પર્શમણિ
બસ દિલ જીતવાનો જ હેતુ રાખજો
કારણ કે...
દુનિયા જીતીને પણ સિકંદર ખાલી હાથે જ ગયો.

●●●

સફળતા અને સરળતા જ્યાં એક સાથે જોવા મળે એ વ્યક્તિને એકવાર ખરા હૃદયથી નમન કરજો!

- rasikvaland1965@gamil.com
Mo.9913426949